For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મનપા અને પોલીસ દ્વારા હાથ ઊંચા કરી દેવાને કારણે બેઘર બનેલા અસરગ્રસ્તો લડાયક મૂડમાં

ડિમોલિશનના અસરગ્રસ્તો હાઈકોર્ટ જશે

સંભવત: સોમવારે હાઈકોર્ટમાં અસરગ્રસ્તો દ્વારા પિટિશન કરવામાં આવશે, અગાઉ પણ હાઈકોર્ટમાં એક પિટિશન થઈ જ છે

સુરત: વેડદરવાજાના નાસીરનગરમાં થયેલા ભૂતિયા ડિમોલિશનમાં હવે અસરગ્રસ્ત પરિવારો દ્વારા પણ હાઈકોર્ટનો દરવાજો ખખડાવવાની તૈયારી કરવામાં આવી છે. સંભવત: સોમવારે આ પરિવારો દ્વારા હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવશે. અગાઉ આ મામલે એક એડવોકેટ દ્વારા પણ હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવી જ છે ત્યારે હાઈકોર્ટ દ્વારા શું વલણ લેવામાં આવે છે તેની પર સૌની નજર છે. જે રીતે આ પ્રકરણમાં મનપા દ્વારા

...અનુસંધાન પાના 10 પર

ભૂતિયું ડિમોલિશન કોણે કરાવ્યું?, તા.16મીએ તપાસ સમિતિમાં રિપોર્ટ રજૂ થશે

તપાસ સમિતિએ સેન્ટ્રલ ઝોનના વડાને તા.16મી સુધીમાં રિપોર્ટ આપી દેવા તાકીદ કરી છે

જોકે, જે રીતે ખેલ થયો તે જોતાં તપાસ સમિતિ પણ જવાબદારોને શોધશે કે કેમ? તે મામલે આશંકા

સુરત: નાસીરનગરના ભૂતિયા ડિમોલિશનમાં મનપાનો કોઈ અધિકારી જવાબદાર છે કે કેમ? અને કયો અધિકારી જવાબદાર છે? તેની વિગતોનો આગામી તા.16મીના રોજ લટકોફટકો થાય તેવી સંભાવના છે. તપાસ સમિતી દ્વારા તા.16મી સુધીમાં સેન્ટ્રલ ઝોનના વડાને આ મામલે વિગતો આપી દેવાનો આદેશ કરવામાં આવ્યો છે. જોકે, તપાસ સમિતીની જે રીતે કામગીરી ચાલી રહી છે તે જોતાં ખરેખર જવાબદાર પકડાશે કે પછી કોથળામાંથી બિલાડું કાઢવામાં આવશે તે જોવું રહ્યું.

આ ભૂતિયા ડિમોલિશનની તપાસ માટે મ્યુનિ.કમિ. દ્વારા ડે.કમિ. મીના ગજ્જર, ડે.કમિ. મનિષ ડોકટર અને એડિ. સિટી ઈજનેર મહેશ ચાવડા સહિતના અધિકારીઓની સમિતીની રચના કરવામાં આવી છે. સમિતીની એક બેઠક મળી છે અને તેમાં સેન્ટ્રલ ઝોનના વડા આશિષ નાયકને આ ડિમોલિશનને લગતી તમામ વિગતો

...અનુસંધાન પાના 10 પર

કમિ. દિલ્હી કાર્યક્રમમાં જતાં પીએમઓમાંથી તેડું આવ્યાની ચર્ચા

સુરત: નાસીરનગરના ભૂતિયા ડિમોલિશનના વિવાદની વચ્ચે મ્યુનિ. કમિ. એમ. નાગરાજન દિલ્હીના પ્રવાસે જતાં તેમને દિલ્હીથી તેડું આવ્યાની ચર્ચાઓ ઉઠી હતી પરંતુ હકીકતમાં કમિ.નો દિલ્હીનો કાર્યક્રમ 15 દિવસથી તૈયાર હતો. કમિ. દ્વારા દિલ્હીમાં નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ અર્બન અફેર્સના કાર્યક્રમમાં હાજરી આપવામાં આવી હતી. ભૂતિયા ડિમોલિશનના વિવાદમાં મનપા શંકાના ઘેરામાં છે. હજુ સુધી આ ડિમોલિશન કોણે કરાવ્યું તેની કોઈ જ સ્પષ્ટતા થઈ નથી. આ સંજોગોમાં કમિ.ની તપાસ સમિતી શું શોધી લાવે છે તેની પર સૌની નજર છે. હજુ સુધી સમિતી દ્વારા કોઈ નક્કર વિગતો શોધવામાં આવી નથી. આ વિવાદ ગંભીર બનવાની વચ્ચે જ મ્યુનિ.કમિ. નો દિલ્હીનો પ્રવાસ ગોઠવાયો હોવાથી અનેક ચર્ચાઓ ઉઠી હતી. મ્યુનિ.

...અનુસંધાન પાના 10 પર

કોઝવે પરથી પાઇપ હટાવી બામ્બુ મૂકી દેવાયા

■ દર વર્ષે સુરતમાં વરસાદની સિઝનમાં ઉકાઇ ડેમમાંથી પાણી છોડવામાં આવે છે. જેના કારણે અહીં લોખંડની પાઇપો કાઢીને બામ્બુ મૂકી દેવામાં આવે છે જેના કારણે સ્ટ્રક્ચરના નુકસાનથી બચી શકાય **(તસવીર : સતીષ જાદવ)**

ડિમોલિશન સુરત મનપાએ કરાવ્યું હોઈ શકે: મંત્રી પ્રફુલ પાનશેરિયા

ડિમોલિશન માટે એક મંત્રીની ભલામણ હોવાની ચર્ચા વચ્ચે પ્રફુલ પાનશેરીયાના નિવેદને વિવાદમાં અનેક વમળો ઊભા કર્યા

સુરત: એક તરફ એક મંત્રીના ઈશારે નાસીરનગરમાં ડિમોલિશન કરાયું હોવાની ચર્ચાઓ ચાલી છે ત્યારે આજે મંત્રી પ્રફુલ પાનશેરીયાએ એવું નિવેદન આપ્યું હતું કે, ડિમોલિશન હંમેશા મહાનગરપાલિકા જ કરતી હોય છે. એક ખાનગી ન્યુઝ ચેનલને આપેલા નિવેદનમાં પ્રફુલ પાનશેરિયાએ એવું જણાવ્યું હતું કે, સુરત મહાનગર પાલિકાએ આ

...અનુસંધાન પાના 10 પર

ગેસની પાઈપ મોંઢામાં નાંખીને શ્રમિકે આત્મહત્યા કરી લીધી

એએમએનએસ કંપનીના ઇલેક્ટ્રિશિયને મોં કોથળીથી પેક કરી દીધું હતું

મૂળ બિહારનો મોહંમદ કૈફ આર્થિક સંકડામણમાં હોવાથી પગલું ભર્યું હોવાની શક્યતા

મિત્રો કામ પરથી પરત ફરતા થયો ઘટનાનો ખુલાસો

રાત્રે કામ પરથી પરત આવેલા મિત્રો જ્યારે રૂમમાં પહોંચ્યા ત્યારે કૈફ બેભાન હાલતમાં મળી આવ્યો હતો. સમગ્ર દ્રશ્ય જોઈ તેઓ ચોંકી ઉઠ્યા અને તાત્કાલિક સ્થાનિક ઇચ્છાપોર પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો.

સુરત: ઇચ્છાપોર વિસ્તારમાં રહેતા 24 વર્ષીય ઇલેક્ટ્રિશિયન મોહંમદ કૈફ મોહંમદ સરોજે અલગ જ પ્રકારે આત્મહત્યા કરી છે. તેણે ગેસ સિલિન્ડરની પાઇપ મોંઢામાં નાંખીને આપઘાત કરી લીધો છે.

મૂળ બિહારના શિવાન જિલ્લાના રહેવાસી મોહંમદ કૈફ મોહંમદ સરોજ હજીરા પટ્ટી મોરા ગામ સ્થિત સ્ટાર રો-હાઉસમાં મિત્રો સાથે રહેતો કૈફ એએમએનએસ કંપનીમાં ઇલેક્ટ્રિશિયન તરીકે નોકરી કરતો હતો. તેની આવકનો મોટો હિસ્સો વતનમાં રહેતા પરિવારના ભરણપોષણ માટે મોકલવામાં આવતો હતો. પરિવારની જરૂરિયાતો, વધતા ખર્ચ અને મર્યાદિત આવક હોવાથી તે છેલ્લા કેટલાક સમયથી ભારે આર્થિક દબાણ અનુભવતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ઘટનાના દિવસે તે કામ પર ગયો નહોતો. તેણે કંપનીના મેનેજરને આંખમાં વેલ્ડિંગ લાગવાના કારણે દવા લેવા જવાનું કારણ જણાવ્યું હતું. જોકે તે આખો દિવસ રૂમમાં જ રહ્યો હતો. સાંજે એકલતાનો ગેરલાભ લઈ તેણે ગેસ સિલિન્ડર સાથે નળી જોડી તેનો એક છેડો પોતાના મોઢામાં મૂક્યો હતો. ત્યારબાદ મોઢું પ્લાસ્ટિકની કોથળીથી ઢાંકી ગેસ ચાલુ કરી દીધો હતો. થોડા સમય બાદ ગેસના કારણે તેનું મોત નીપજ્યું હતું. યુવકે આ પગલું શા માટે ભર્યું તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. કોઈ સ્યુસાઇડ નોટ પણ મળી નથી.

ઉકળાટથી સુરતીઓ પરેશાન ચોમાસા માટે ભારે આતુરતા

15 જૂનથી પ્રિમોન્સૂન અસર શરૂ થવાની શક્યતા, 20 જૂનની આસપાસ ચોમાસાનું આગમન

ચોમાસું ધીમે ધીમે આગળ વધી રહ્યું છે

હવામાન વિભાગના જણાવ્યા મુજબ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. હાલમાં ચોમાસું મુંબઈથી અંદાજે 100 કિલોમીટર દૂર પહોંચ્યું છે. અનુકૂળ હવામાન પરિસ્થિતિઓ યથાવત રહે તો આગામી દિવસોમાં તેની ગતિ વધુ તેજ બનવાની શક્યતા છે. હવામાન નિષ્ણાતોના અનુમાન પ્રમાણે સુરત શહેરમાં 15 જૂનથી પ્રિમોન્સૂન પ્રવૃત્તિઓ શરૂ થઈ શકે છે. આ સમયગાળા દરમિયાન વાદળછાયું વાતાવરણ, ગાજવીજ સાથે હળવા વરસાદી ઝાપટાં અને પવનની ગતિમાં વધારો જોવા મળી શકે છે. મુખ્ય ચોમાસાનું આગમન 20 જૂનની આસપાસ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સુરત: શહેરમાં વાદળછાયું વાતાવરણ અને ઝડપી પવન હોવા છતાં ઉકળાટથી લોકો ભારે પરેશાન રહ્યા હતા. હવામાં ભેજનું પ્રમાણ વધુ રહેતાં દિવસભર ગરમી અને ભેજના સંયુક્ત પ્રભાવથી અસહજતા અનુભવાઈ હતી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સુરત શહેરમાં શનિવારે મહત્તમ તાપમાન 0.3 ડિગ્રી વધીને 35.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 0.2 ડિગ્રી ઘટીને 29.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા

...અનુસંધાન પાના 10 પર

નકલી વર્ક વિઝાના આધારે પોલેન્ડ પહોંચેલા યુવકને ડિપોર્ટ કરી દેવાયો

પાલનપુર પાટિયાના યુવકને પાંચ વર્ષે પરમિટ આપી તે પણ નકલી હતી

અડાજણના સહયોગ એપાર્ટમેન્ટમાં રહેતા નિલેશ સોલંકી સામે ગુનો નોંધાયો

સુરત: અડાજણ વિસ્તારના એક ભેજાબાજ એજન્ટે રાંદેરના એક યુવકને પોલેન્ડના વર્ક વિઝા અપાવવાના બહાને લાખો રૂપિયા પડાવી લઈ નકલી વર્ક પરમિટ આપ્યાની ઘટના સામે આવી છે. આ પરમીટના આધારે તે પોલેન્ડના વોર્સો એરપોર્ટ પર ઊતર્યો તો ખરો પરંતુ પોલીસે તેને એરપોર્ટ પરથી જ ડિપોર્ટ કરી દીધું હતું.

આ મામલે અડાજણ પોલીસે અડાજણના એજન્ટ વિરુદ્ધ ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

રાંદેરના રૂપાલી સિનેમા સામે આવેલી રંગ અવધૂત સોસાયટીમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા સંદીપભાઈ મહેન્દ્રભાઈ વાઘમોડે (ઉ.વ.૪૨)એ નોંધાવેલી ફરિયાદ અનુસાર વર્ષ-૨૦૧૮માં તેમનો નાનો ભાઈ કપિલ હનીપાર્ક રોડ પર ઓટો પાર્ટ્સની દુકાન ચલાવતો હતો. તે સમયે ત્યાં નિલેશભાઈ કલાભાઈ સોલંકી (રહે.,સહયોગ એપાર્ટમેન્ટ, અડાજણ) અવારનવાર આવતો હતો. તેણે તેની ઓળખ ગલ્ફ અને પોલેન્ડ કન્ટ્રીના વર્ક વિઝા એજન્ટ તરીકે આપી હતી. તેણે તેના મોટાભાઈને વિદેશ મોકલવા માટે સપ્ટેમ્બર-૨૦૧૯માં રૂ.૪,૧૦,૦૦૦માં કામ નક્કી કર્યું હતું. એડ્વાન્સ પેટે ટૂકડે-ટૂકડે રૂ.૨,૧૩,૫૦૦ રોકડા ચૂકવ્યા હતા. શરૂઆતમાં મુંબઈ અને બેંગલુરુ ખાતેથી વિઝા રિજેક્ટ થવા છતાં એજન્ટ નિલેશે વિશ્વાસ આપ્યો હતો કે બીજી ટ્રાયમાં વિઝા ચોક્કસ મળી જશે. ત્યારબાદ એપોઈન્ટમેન્ટ માટે વધુ રૂ.૬૦,૦૦૦નો ખર્ચ કરાવી છેવટે ૮ જાન્યુઆરી-૨૦૨૪ના રોજ અમદાવાદ ઓફિસથી સંદીપભાઈને પોલેન્ડના વિઝા મળી ગયા હતા. વિઝા મળતા જ સંદીપભાઈ રૂ. ૭૦,૦૦૦ની ટિકિટ ખરીદીને ૧૩ માર્ચ-૨૦૨૪ના રોજ મુંબઈથી પોલેન્ડના વોર્સો એરપોર્ટ પહોંચ્યા હતા. ત્યાં ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટે જે નામની વર્ક પરમીટ તેને ઓળખવાનો ઈનકાર કરતાં વર્ક પરમીટ બોગસ હોવાનું બહાર આવ્યું હતું.

જેથી વિદેશની ધરતી પર જેલભેગા થવાની નોબત આવી હતી, પરંતુ ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને

...અનુસંધાન પાના 10 પર

GST વિભાગમાંથી લીક થતા હોવાનો આક્ષેપ

વેપારીઓના ઈ-વે બિલના ડેટા ઓપન માર્કેટમાં વેચાઈ રહ્યા છે

વેપારીઓ કઇ પાર્ટીને કેટલો અને કયા ભાવે માલ વેચી રહ્યા છે તે હરીફોને ખબર પડી જાય છે

CA એસોસિએશને નાણા મંત્રાલય અને GST કાઉન્સિલને રજૂઆત કરી

સુરત: ગુજરાત સહિત દેશભરના વેપારીઓ માટે એક ચિંતાજનક અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જીએસટી (GST) પોર્ટલ પરથી વેપારીઓના અત્યંત ગુપ્ત અને સંવેદનશીલ ગણાતા 'ઈ-વે બિલ' ના ડેટા લીક થઈ રહ્યા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. આ ડેટા લીક થવાને કારણે વેપારીઓની વ્યાપારિક ગુપ્તતા જોખમાઈ છે અને બજારમાં અંદરોઅંદર અવિશ્વાસનું વાતાવરણ ઊભું થયું છે.

સીએ અને વેપારી સંગઠનોના જણાવ્યા પ્રમાણે, વેપારીઓ કઈ પાર્ટીને માલ મોકલી રહ્યા છે, કેટલા જથ્થામાં મોકલી રહ્યા છે, અને કયા ભાવે માલ વેચાઈ રહ્યો છે તેની તમામ વિગતો ઈ-વે બિલમાં હોય છે. આ ડેટા લીક થવાને કારણે સ્પર્ધક વેપારીઓને તમામ માહિતી અગાઉથી જ મળી જાય છે. પરિણામે, ધંધાકીય હરીફાઈમાં મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આક્ષેપ છે કે કોઈ ચોક્કસ ગેંગ અથવા ટેકનિકલ ખામીનો લાભ ઉઠાવીને આ ડેટા ત્રીજી પાર્ટીને વેચવામાં આવી રહ્યો

...અનુસંધાન પાના 10 પર

ડેટા બજારમાં વેચાતો હોવાનો આક્ષેપ

સરકારી સિસ્ટમમાંથી ટેક્સપેયર્સનો અત્યંત સંવેદનશીલ ડેટા (જેમ કે GSTR-1) લીક થઈને ડેટા બજારમાં ઓપન માર્કેટમાં વેચાઈ રહ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સૌથી આશ્ચર્યની વાત એ છે કે, આ ડેટા કયા લોગિન આઈડી, કયા કમ્પ્યુટર ટર્મિનલ કે કયા સમયે ડાઉનલોડ થયો, તેની કોઈ ટ્રેકિંગ સિસ્ટમ જ ઉપલબ્ધ નથી!

ડેટા ચોરી રોકવા માટે સૂચનો કરાયાં

- અધિકારીઓ માટે માત્ર 'વ્યૂ-ઓન્લી' એક્સેસ (બલ્ક ડાઉનલોડ પર પ્રતિબંધ): GSTN પોર્ટલ પર કરદાતાઓનો તમામ ડેટા સંપૂર્ણપણે એન્ક્રિપ્ટેડ હોવો જોઈએ. બેંકના ટેલરની જેમ અધિકારીઓ પણ માત્ર સ્ક્રીન પર જ ડેટા જોઈ શકવા જોઈએ. તેમને ડેટાની 'ઝેરોક્સ' કે 'બલ્ક ડાઉનલોડ' કરવાની મંજૂરી બિલકુલ ન મળવી જોઈએ.
- AI આધારિત Audit: સિસ્ટમમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) આધારિત સુરક્ષા સ્તર હોવું જોઈએ. જો કોઈ અધિકારી મધ્યરાત્રિએ તેના કાર્યક્ષેત્ર બહારના 500 કરદાતાઓનો ડેટા ચેક કરે, તો AI તરત જ એલર્ટ જાહેર કરશે. ડેટાબેઝમાં ગુપ્ત 'ટ્રેસર રેકોર્ડ્સ' (ડાય કેમિકલ જેવા ટ્રેકર્સ) મૂકવામાં આવે, જેથી જો કોઈ ડેટા બજારમાં વેચાય, તો તે ક્યાંથી લીક થયો છે તે તરત જ પકડાઈ જાય.
- દર ત્રણ મહિને પબ્લિક ઓડિટ રિપોર્ટ: ડેટાની માલિકી સરકારની નહીં પણ કરદાતાની છે. તેથી દર ક્વાર્ટરે (ત્રણ મહિને) ડેટા એક્સેસ ઓડિટ અને ડેટા લીકની તપાસનો અહેવાલ જાહેર જનતા સમક્ષ મૂકવો જોઈએ જેથી સિસ્ટમમાં પારદર્શિતા રહે.

15 જૂને નવી ઉદ્યોગ નીતિની જાહેરાત

ઔદ્યોગિક નીતિ-2026થી રોકાણ, રોજગારી અને ટેક્નોલોજી આધારિત વિકાસને મળશે નવી દિશા

મહાત્મા મંદિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કરશે અનાવરણ

આ સેક્ટરો માટે પેકેજ જાહેર થવાની શક્યતા

- સેમિકન્ડક્ટર
- ઇલેક્ટ્રોનિક્સ
- ગ્રીન એનર્જી
- ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ
- એરોસ્પેસ
- ડિજિટલ ટેક્નોલોજી
- કૃત્રિમ બુદ્ધિમત્તા (AI)

ગાંધીનગર : ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી ઊંચાઈએ લઈ જવા રાજ્ય સરકાર આગામી 15 જૂને બહુપ્રતિક્ષિત 'ઔદ્યોગિક નીતિ-2026'નું અનાવરણ કરવા જઈ રહી છે. રાજ્યના આર્થિક વિકાસ, રોકાણ આકર્ષણ અને રોજગારી સર્જન માટે મહત્વપૂર્ણ માનવામાં આવતી આ નવી નીતિ ગુજરાતના આગામી દાયકાના ઔદ્યોગિક રોડમેપને આકાર આપશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનારા વિશેષ સમારોહમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજ્યની નવી ઔદ્યોગિક નીતિનું સત્તાવાર લોકાર્પણ કરશે. રાજ્યના ઉદ્યોગકારો, રોકાણકારો અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં જાહેર થનારી આ નીતિને ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન તરીકે જોવામાં આવી રહી છે.

નવી ઔદ્યોગિક નીતિ માત્ર રોકાણ આકર્ષવાની યોજના નહીં, પરંતુ રાજ્યને આગામી પેઢીના ઉદ્યોગો માટે તૈયાર કરતો વ્યાપક વિકાસ દસ્તાવેજ બનશે. સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ નીતિમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશ , આધુનિક મેન્યુફેક્ચરિંગ, ટેક્નોલોજી આધારિત ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ, MSME સેક્ટર અને હાઈ-ટેક ઈન્ડસ્ટ્રીઝને વિશેષ પ્રોત્સાહન આપવાની જોગવાઈઓ સમાવાશે. નવી નીતિ દ્વારા સ્થાનિક અને વૈશ્વિક રોકાણકારો માટે વધુ અનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવશે. ગુજરાત વર્ષોથી દેશના સૌથી અગ્રણી ઔદ્યોગિક અને રોકાણ ગંતવ્ય તરીકે ઓળખાય છે. વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મજબૂત બંદરો, રોડ-રેલ કનેક્ટિવિટી, ઉદ્યોગમૈત્રી નીતિઓ અને કુશળ માનવબળના કારણે રાજ્યએ દેશ-વિદેશના રોકાણકારોનો વિશ્વાસ જીત્યો છે. હવે નવી ઔદ્યોગિક નીતિ આ મજબૂત પાયા પર વધુ ભવ્ય વિકાસનું નિર્માણ કરશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉદ્યોગ વર્તુળોમાં માનવામાં આવે છે કે નવી નીતિ ગુજરાતને માત્ર મેન્યુફેક્ચરિંગ હબ તરીકે નહીં, પરંતુ નવીનતા, ટેક્નોલોજી અને વૈશ્વિક રોકાણના કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સાથે જ લાખો યુવાનો માટે નવી રોજગારીની તકો સર્જાશે અને રાજ્યની અર્થવ્યવસ્થાને વધુ ગતિ મળશે.આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને રાજ્યના દીર્ઘકાલીન વિકાસ વિઝનને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી આ ઔદ્યોગિક નીતિ પર હવે સમગ્ર ઉદ્યોગજગત અને રોકાણકારોની નજર મંડાઈ છે. 15 જૂને જાહેર થનારી આ નીતિ ગુજરાતના ઔદ્યોગિક ઈતિહાસમાં નવા અધ્યાયની શરૂઆત કરશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

સચિનમાં એક વર્ષથી લિવ ઈન રિલેશનશિપમાં રહેતી નેપાળી યુવતીનો આપઘાત

મિત્રને નેપાળમાં રહેતાં માતા અને ભાઈને મળવા જવા માટે કહેતાં મિત્રએ પૈસા નથી, પછી મળવા માટે જઈશ કહેતાં આપઘાત કર્યાની શક્યતા

સુરત: સચિન જીઆઇડીસીમાં છેલ્લા એક વર્ષથી લિવ ઇન રિલેશનશિપમાં રહેતી નેપાળી યુવતીએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવતીએ તેના મિત્રને નેપાળમાં માતા અને ભાઈને મળવા જવાનું કહેતાં હાલ પૈસા નથી, પછી મળવા જવાનું કહેતાં માઠું લગાડી યુવતીએ અંતિમ પગલું ભર્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.

સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી અનુસાર મૂળ નેપાળના વતની અને હાલ સચિન જીઆઇડીસી ખાતે ઉમંગ રેસિડેન્સીમાં 25 વર્ષીય સાવિત્રી સુનાર ઠુલો કંછાકામી સુનાર ઉત્તર પ્રદેશના યુવક સાથે એક છેલ્લા એક વર્ષથી લિવ ઇન રિલેશનશિપમાં હતી. યુવક સચિન જીઆઇડીસીમાં આવેલા એક એમ્બ્રોઇડરીના ખાતામાં ડિઝાઇનર તરીકે કરે છે. સાવિત્રીના પિતા દુબઈ ખાતે નોકરી કરે છે. જ્યારે તેની માતા અને ભાઈ નેપાળમાં રહે છે. સાવિત્રીએ તેમના મિત્રને નેપાળમાં રહેતા માતા અને ભાઈને મળવા જવા માટે કહ્યું હતું. ત્યારે યુવકે હાલમાં પૈસા નથી, પગાર થાય પછી મળવા માટે જવાનું કહ્યું હતું. જે વાતનું માઠું

...અનુસંધાન પાના 10 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દુઃખદ અવસાન-બેસણું

નીરવ અશેષ મહેતા
સ્વ.તા.૧૧/૦૬/૨૦૨૬

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે, સ્વ. અશેષ મહેતા ના પુત્ર નીરવ અશેષ મહેતા તા.૧૧/૦૬/૨૦૨૬ ને ગુરૂવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે તે માટે બેસણું તા.૧૫/૦૬/૨૦૨૬ ને સોમવાર, સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્વસુર પક્ષ
પ્રફુલ એન. શાહ (સસરા)
પ્રફુલ્લા પી. શાહ (સાસુ)
દેવર્ષિ પી. શાહ (સાળો)
નમ્રતા ડી. શાહ
સમસ્ત શાહ પરિવાર

શોકાતુર
અર્ચના અશેષ મહેતા (માતા)
પૂજા નીરવ મહેતા (પત્ની)
અયાન નીરવ મહેતા (પુત્ર)
કશ્યપ કુંજવિહારી મહેતા (કાકા)
સ્વાતિ કુંજવિહારી મહેતા (ફોઈ)
પિતિ કિરીટ ઠાકર (ફોઈ)
કિરીટ શિવશંકર ઠાકર (ફુઆ)
હર્ષ કશ્યપ મહેતા (ભાઈ)
ઉમા હર્ષ મહેતા (ભાભી)
સમસ્ત મહેતા પરિવાર

નિવાસ સ્થાનઃ શિવ દિગ્જા, B વિંગ પાર્કિંગ, ડી-માર્ટ ની ગલીમાં, ગૌરવપથ, અડાજણ, પાલ, સુરત.

સાતમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

સ્વભાવે શાંત, નિખાલસ, પ્રેમાળ, લાગણીશીલ, પરિવારને આજીવન પ્રેમ-સંસ્કાર-પ્રેરણા અને હુંફ આપતા રહ્યાં. આપ અમારી વચ્ચે હૈયાત નથી પરંતુ આપનું જીવન સદાય અમોને પ્રેરણારૂપ બની રહે, એજ પ્રાર્થના....
... ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ

સ્વ. કલાવતીબેન કાંતિલાલ જરીવાલા
સ્વ.તા.: ૧૪-૦૬-૨૦૧૬

લિ.
ધનેશકુમાર કાંતિલાલ વર્ષા યોગેશકુમાર
મીનાક્ષી ધનેશકુમાર અંજના વિજયકુમાર
મીના રવિન્દ્રકુમાર બીનીતા પ્રશાંતકુમાર
મંજુ અશોકકુમાર કિંજલ ધનેશકુમાર
ભારતી દેવેન્દ્રકુમાર

દસમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

જીવનમાં હરપળ હસતા રહ્યા,
સ્નેહથી સૌના હૈયામાં વસતા રહ્યા,
આપની વિરાટ ભક્તિભાવની છબી
અમારામાં હૃદયમાં અકબંધ રહેશે,
સમય તો સતત વીતતો રહેશે,
પણ આપની મીઠી યાદો સદાય અમારી સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. બાબુભાઈ લલ્લુભાઈ લાડવીયા
સ્વ.તા.૧૪-૬-૨૦૧૬

ગં.સ્વ.હંસાબેન બાબુભાઇ લાડવીયા (પત્ની)
સેહલ બાબુભાઇ લાડવીયા (પુત્ર) - રેશ્માબેન સેહલભાઇ લાડવીયા (પુત્રવધૂ)
કીશિક બાબુભાઇ લાડવીયા (પુત્ર)
પુજીષાબેન પરેશભાઇ ડીંગોરીયા (પુત્રી) - પરેશભાઇ જશંવતભાઇ ડીંગોરીયા (જમાઇ)
હેતલબેન બાબુભાઇ કયારીયા (પુત્રી) - બાબુભાઇ મોહનભાઇ કયારીયા (જમાઇ)
મીત - પ્રાચી - સુરવી - ભૌમિક - શિવાંશ
તથા સમસ્ત પરિવાર

જય મંગલ બેકરી એન્ડ પ્રોવિઝન સ્ટોર